આત્મ સાધના કેન્દ્ર-દિલ્હી

સંકલનકર્તા – શ્રી હેમંતભાઈ કે. ભાયાણી, ભાવનગર.

ભારત દેશની રાજધાની દિલ્હીમાં દિગંબર જૈન મંદિરોની સંખ્યા ૨૫૦ જેટલી છે, જેમાં લાલ કિલ્લા પાસે જ આવેલું લાલ મંદિર તથા મહરૌલી પાસે આવેલું અહિંસા સ્થળ જેવા સુંદર અને દર્શનીય મંદિરોનો પણ સમાવેશ થાય છે. આધ્યાત્મિક સત્પુરુષ પૂજ્ય શ્રી કાનજીસ્વામીનાં સદુપદેશ અને પુણ્ય પ્રભાવના યોગથી નિર્મિત ભવ્ય અને વિશાળ 'અધ્યાત્મતીર્થ' આત્મ સાધના કેન્દ્રમાં બિરાજમાન જિનબિંબોની મંગળ પ્રતિષ્ઠાવિધિ તા. ૭ ફેબ્રુઆરી, ૨૦૦૫ થી તા. ૧૩ ફેબ્રુઆરી, ૨૦૦૫ દરમ્યાન શુદ્ધ તેરાપંથ આમ્નાય અનુસાર અનેક આયોજનો સહિત હર્ષોલ્લાસપૂર્વક સંપન્ન થઈ હતી. આ મહોત્સવમાં દેશ-વિદેશથી હજારો મુમુક્ષુઓ પધારેલ હતા.

દિલ્હીની નજીક પરંતુ શહેરનાં કોલાહલથી દૂર શાંત વાતાવરણમાં આ કેન્દ્ર બનાવવામાં આવેલું છે. અહીં કુલ ૩૪ જિનબિંબોની સ્થાપના કરવામાં આવેલી છે, જેમાંથી ૩૧ જિનબિંબો ઈટાલિયન માર્બલથી નિર્માણ પામ્યા છે તથા ૨ જિનબિંબ ધાતુથી અને ૧ જિનબિંબ સ્ફટિકમણિથી નિર્માણ પામેલ છે. શ્રી દિગંબર જૈન કુન્દકુન્દ કહાન આત્માર્થી ટ્રસ્ટ દ્વારા સંચાલિત આ આત્મ સાધના કેન્દ્રનાં પંચકલ્યાણક પ્રતિષ્ઠા મહોત્સવ અગાઉ કલ્યાણવર્ધિની રથનાં માધ્યમથી દેશનાં ખૂણે-ખૂણે પ્રત્યક્ષ જઈને પ્રતિષ્ઠા મહોત્સવમાં પધારવા માટે સૌ મુમુક્ષુ ભાઈ-બ્હેનોને આમંત્રણ આપવામાં આવેલ હતા.

દિલ્હી-રોહતક રોડ, નેશનલ હાઈ વે નં. ૧૦ ઉપર, ઘેવરા મોડ પાસે આ આત્મ સાધના કેન્દ્ર આવેલું છે. દિલ્હીનાં વિવિધ વિસ્તારોમાંથી આ ક્ષેત્ર પર પહોંચવા માટે નીચે મુજબનીબસ સુવિધા ઉપલબ્ધ છે.

જૂની દિલ્હી રેલ્વે સ્ટેશનથી ઘેવરા મોડ સુધી	-	બસ નં. ૯૨૬
જૂની દિલ્હી રેલ્વે સ્ટેશનથી નાંગલોઈ સુધી	-	બસ નં. ૯૨૨ તથા ૨૧૯
નવી દિલ્હી રેલ્વે સ્ટેશનથી નાંગલોઈ સુધી	-	બસ નં. જી.એલ. ૯૧
હઝરત નિઝામુદ્દીન રેલ્વે સ્ટેશનથી નાંગલોઈ સુધી	-	બસ નં. ૯૬૬
આનંદ વિહારથી નાંગલોઈ સુધી	-	બસ નં. ૨૩૬
બાબરપુરથી નાંગલોઈ સુધી	-	બસ નં. ૨૫૪
મહરૌલીથી નાંગલોઈ સુધી	-	બસ નં. ૫૩૯
લાજપતનગરથી નાંગલોઈ સુધી	-	બસ નં. ૫૬૭
નજફગઢથી ઘેવરા મોડ સુધી	-	બસ નં. ૭૦૮
પંજાબી બાગથી ઘેવરા મોડ સુધી	-	બસ નં. ૯૩૪ તથા ૯૨૭

નોંધ :-પંજાબી બાગ, પીરાગઢી ચૌક તથા નાંગલોઈથી ઘેવરા મોડ સુધી જવા માટે દર ૧૦ મિનિટનાં સમયમાં બસ, જીપ તથા ઓટો રીક્ષાઓ મળી રહે છે. તેમજ હરિયાણા રાજ્યનાં બહાદુરગઢ જતી દરેક બસ ઘેવરા મોડ થઈને જ જાય છે.

આ ઉપરાંત જૂની દિલ્હી રેલ્વે સ્ટેશનથી ઘેવરા મોડ રેલ્વે સ્ટેશન સુધી ટ્રેઈન દ્વારા પણ જઈ શકાય છે, જેનાં સમય આ પ્રમાણે છે : સવારે ૫:૦૦, ૬:૧૦, ૮:૫૫, ૧૧:૪૫, બપોરે ૩:૧૦, સાંજે ૫:૦૦, ૫:૩૫, ૬:૫૬ અને ૮:૦૫ વાગ્યે. સામાન્ય રીતે ૫૦ થી ૬૦ મિનિટનાં સમયે આ ટ્રેઈનો ઘેવરા મોડ પહોંચે છે.

ઘેવરા મોડ બસ સ્ટેશનથી આત્મ સાધના કેન્દ્ર તદ્દન નજીક-ચાલીને જઈ શકાય તેટલું જ દૂર છે. આમ તો નાંગલોઈથી જ ક્ષેત્રનાં મંદિરો દેખાવા લાગે છે.

ભવ્ય પ્રવેશદ્વાર દ્વારા સંકુલમાં પ્રવેશતાં તુરત જ સામે રત્નત્રય જિનાલય આવે છે, જેમાં શ્રી શાંતિનાથ ભગવાન, શ્રી કુંથૂનાથ ભગવાન અને શ્રી અરનાથ ભગવાન બિરાજમાન છે. વૃદ્ધો-અશક્તો-જેઓ વધુ પગથિયાં ચડી શકે તેમ ન હોય તેઓ આ જિનાલયમાં સહેલાઈથી આવીને ભગવાનનાં દર્શન પૂજન કરી શકે છે. રત્નત્રય જિનાલયથી થોડા આગળ જઈને નીચે તરફ પગથિયાં ઊતરતાં ખૂબ જ ભવ્ય એવું શ્રી કુન્દકુન્દ કહાન સ્વાધ્યાય ભવન આવે છે, જેમાં ૩૦૦૦ વ્યક્તિઓ સાથે બેસીને સ્વાધ્યાય-પ્રવચન શ્રવણ કરી શકે તેટલો વિશાળ હોલ છે. સમસ્ત દિલ્હીમાં આટલું મોટું સ્વાધ્યાય ભવન ક્યાંય નથી. અહીં સ્વાધ્યાય હોલની બાજુમાં જ સત્સાહિત્ય વેચાણ કેન્દ્ર તથા કાર્યાલયની રૂમો છે. હોલની પાછળ ટેબલ ખુરશીની સુવિધાવાળો મોટો ભોજનકક્ષ છે.

શ્રી કુન્દકુન્દ કહાન સ્વાધ્યાય ભવનની બરાબર ઉપર શ્રી મહાવીર સ્વામી દિગંબર જૈન મંદિર છે. આ મંદિર પણ મોટી સંખ્યામાં લોકો સમૂહમાં પૂજન કરી શકે તેટલું મોટું છે. આ મંદિરમાં મૂળનાયક શ્રી મહાવીર ભગવાન છે. તેની ડાબી તરફ શ્રી આદિનાથ ભગવાન અને જમણી તરફ શ્રી ચન્દ્ર પ્રભુ ભગવાન છે. ત્રણેય પ્રતિમાઓ ખૂબ જ સફેદ, અત્યંત ભાવવાહી અને મનોહર છે. અગાઉ જણાવ્યું તેમ આ દરેક પ્રતિમાજી ઈટાલિયન માર્બલમાંથી બનાવેલી હોવાથી દૂધ જેવી સફેદ-ક્યાંય ડાઘી વિનાની ખૂબ જ સુંદર તૈયાર થયેલ છે. શ્રી મહાવીર ભગવાનની પ્રતિમાની ઉપર ચોસઠ ચમર ખૂબ જ સુંદર રીતે લગાવવામાં આવેલા છે, જેથી ગર્ભગૃહની શોભા ઘણી જ વધે છે. ભગવાનની પાછળ લગાવવામાં આવેલું ભામંડળ ગોળ ફરતું રહે તેવી વ્યવસ્થા કરાઈ છે. શ્રી મહાવીર ભગવાનની વેદીની નીચે આરસ પહાણમાં શ્રી મહાવીર પ્રભુની નિર્વાણ ભૂમિ પાવાપુરીનું દશ્ય કોતરવામાં આવ્યું છે. એ જ રીતે શ્રી આદિનાથ ભગવાનની વેદીની નીચે કૈલાસ પર્વતનું દશ્ય અને શ્રી ચન્દ્ર પ્રભુ ભગવાનની વેદીની નીચે સમ્મેદ શિખરજીની લલિત ટોંકનું દશ્ય આરસ પહાણમાં કોતરવામાં આવેલ છે.

દરેક પ્રતિમાજીની આગળ નાની કમાન-દરવાજા જેવું બનાવ્યું છે, જેમાં નાની પદ્માસન પ્રતિમાઓ

તથા પૂ. ગુરુદેવશ્રી દ્વારા પ્રરૂપિત શાસ્ત્રો ગોઠવવામાં આવ્યાં છે. મંદિરની દિવાલોમાં ઉપર વિવિધ ધાર્મિક-ઐતિહાસિક ચિત્રપટો આરસમાં કોતરીને લગાવવામાં આવતાં મંદિરની શોભા ખૂબ જ વધી જાય છે. સોનગઢનાં પરમાગમ મંદિરની જેમ જ અહીં પણ સમૂહમાં બેસીને લોકો પૂજન કરી શકે તેટલું મોટું આ મંદિર છે. મંદિરનાં પ્રવેશ દ્વારમાં પણ અષ્ટ પ્રાતીહાર્ય અને અષ્ટ મંગલ દ્રવ્ય કોતરવામાં આવેલાં હોવાથી પ્રવેશ દ્વાર પણ ભવ્ય બનેલો છે.

આ મંદિરની બરાબર ઉપર શ્રી વિદ્યમાન વીસ તીર્થંકર જિનાલય આવેલું છે, જેમાં એક તરફ વચ્ચે શ્રી સીમંધર પ્રભુ સમવસરણમાં બિરાજ્યા છે. તેમની ડાબી અને જમણી તરફ અનુક્રમે શ્રી ભરતજી અને શ્રી બાહુબલિજીની ખડગાસન પ્રતિમાઓ છે. તેની સામે ફરતી ૧૯ દેરીઓમાં બાકીનાં ૧૯ તીર્થંકર-એ રીતે કુલ ૨૦ વિહરમાન તીર્થંકર જિનાલયની રચના કરવામાં આવેલી છે. તમામ પ્રતિમાઓ એક જ માર્બલ પથ્થરમાંથી બનાવવામાં આવેલી હોવાથી એકસરખી સફેદ દેખાય છે. મંદિરનાં શિખર ઉપર સુવર્ણ કલશયુક્ત ધ્વજાઓ લગાવવામાં આવેલી છે.

મંદિરની પાછળ અર્ધ ચન્દ્રાકારમાં ત્રણ માળનું ભવન નિર્માણ કરાયેલું છે, જેનાં નામ સમ્યગ્દર્શન નિલય, સમ્યગ્જ્ઞાન નિલય અને સમ્યગ્ચારિત્ર નિલય રાખવામાં આવેલાં છે. તેમાં યાત્રિકોને રહેવાની સુંદર વ્યવસ્થા કરવામાં આવેલી છે. ત્યાં પહોંચીને અગાઉથી સંખ્યા જણાવી દેવાથી ભોજનાલયમાં જમવાની પણ સમુચિત વ્યવસ્થા થઈ શકે છે. આ ઉપરાંત, આ ભવનમાં પંડિતો-ત્યાગીઓ-વ્રતીઓ-વિગેરેને રહેવા માટેની રૂમો ઉપરાંત જૈન દર્શનમાં ઉચ્ચ શિક્ષણનાં હેતુથી આચાર્ય અકલંકદેવ શિક્ષણ તથા શોધ સંસ્થાન અને અન્ય મોટા હોલ પણ બનાવવામાં આવેલા છે.

આ ઉપરાંત આ ભવનની બન્ને તરફ પૂ. ગુરુદેવશ્રીનાં ધર્મ વૈભવ સમા અને મુમુક્ષુઓની એકતા અને અખંડતાનાં પ્રતિક એવા ધામોનાં વિશાળ રંગીન ચિત્રપટો દૂરથી-રોડ ઉપરથી જ ખૂબ સારી રીતે જોઈ શકાય તે રીતે મૂકવામાં આવ્યાં છે. આ ધામનાં નામો આ પ્રમાણે છે :

(૧) પૂ. ગુરુદેવશ્રી કાનજીસ્વામીની સાધનાભૂમિ, સુવર્ણપુરી-સોનગઢ, જિ.ભાવનગર (ગુજરાત)
(૨) જ્ઞાનતીર્થ પં. ટોડરમલ સ્મારક ભવન, જયપુર (રાજસ્થાન)
(૩) પૂ. શ્રી કાનજીસ્વામી સ્મારક, દેવલાલી જિ. નાસિક (મહારાષ્ટ્ર)
(૪) સોનાગિરિ જિ. દતિયા (મધ્ય પ્રદેશ)
(૫) તીર્થધામ મંગલાયતન, અલીગઢ (ઉત્તર પ્રદેશ)
(૬) પૌન્નુર ધામ (કર્ણાટક)
(૭) સિદ્ધાયતન, દ્રોણગિરિ જિ. છતરપુર (મધ્ય પ્રદેશ)
(૮) ચૈતન્ય ધામ, અમદાવાદ (ગુજરાત)

પૂજ્ય ગુરુદેવશ્રીની ૧૧૬ મી જન્મ જયંતિનાં ઉપલક્ષ્યમાં સમગ્ર સંકુલની ફરતા ૧૧૬ ધાતુ ધ્વજ લગાવવામાં આવેલાં છે, જેમાં દરેક ધ્વજની નીચે ધાતુ ધ્વજનાં દાતા મુમુક્ષુઓ, સંસ્થાઓ

કે ટ્રસ્ટનાં નામ લખવામાં આવેલાં છે. ખરેખર જ આ ધ્વજાઓ પૂ. ગુરુદેવશ્રીની શાસન ધ્વજાઓ ફરકાવતી હોય તેવું જ જણાય છે.

આત્માર્થી ટ્રસ્ટ, દિલ્હી દ્વારા સંચાલિત આત્માર્થી આયુર્વેદિક ઔષધાલયની કાયમી ધોરણે તથા મહિનાનાં અમુક દિવસો દરમ્યાન નિઃશુલ્ક નેત્ર ચિકિત્સા અને સારવાર તથા મોતિયાનાં ઓપરેશનની વ્યવસ્થા પણ કરવામાં આવેલી છે, જેનો મોટી સંખ્યામાં લોકો લાભ લઈ શકે તે માટે પણ સંસ્થા કાર્યરત્ છે.

આ ઉપરાંત આત્મ સાધના કેન્દ્રનાં સંકુલની બરાબર બાજુનાં જ પ્લોટમાં ૫૬ બ્લોક્સ મુમુક્ષુઓને કાયમી વસવાટ માટે બંધાઈ રહ્યાં છે, જેથી શહેરનાં કોલાહલથી દૂર નિરવ શાંતિવાળા વાતાવરણમાં રહીને લોકો વધુ શાંતિથી આત્મ સાધના કરી શકે.

ખરેખર જ આત્મ સાધના કરવા માટે યોગ્ય વાતાવરણવાળું આ 'આત્મ સાધના કેન્દ્ર' અવશ્ય દર્શનીય છે.

निरखत जिनचन्द्र-वदन, स्व-पद सुरुचि आई ।
प्रगटी निज-आन की पिछान ज्ञान-भान की ।
कला उद्योत होत काम-जामनी पलाई ।। निरखत.।। १।।
शाश्वत आनंद स्वाद पायौ विनस्यो विषाद ।
आन में अनिष्ट-इष्ट कल्पना नसाई ।। निरखत.।। २।।
साधी निज साध की समाधि मोह-व्याधि की ।
उपाधि को विराधी कै आराधना सुहाई ।। निरखत.।। ३।।
धन दिन छिंन आज सुगुनि चिंते जिनराज अबै ।
सुधरो सब काज "दौल" अचल रिद्धि पाई ।। निरखत.।।४।।

h